# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૦ • તા. ૨૯ નવેમ્બર થી ૫ ડિસેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





## જ્ઞાતિજનોની વધતી જતી આશાઓ અને જરૂરતને સમયસર પૂરું કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

KDO SANJIVANI

# સંજીવની યોજના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અનુભવ એટલે ઉત્તમ પાઠશાળા

સારા કે ખરાબ દરેક પ્રકારના અનુભવો થવા જરૂરી છે. કાર્યમાં સફળતા મળે કે નિષ્ફળતા એનું જરાપણ મહત્વ નથી. કામનો અનુભવ મળે એનું જ મહત્વ છે અને  હોવું જોઈએ કારણ કે અનુભવથી માણસ ઘડાય છે. સારા કે વિકટ સમયમાં ગુજરનાર જ્ઞાનથી, સમજથી અને અનુભવથી તરબતર થાય છે. વિચારો સિધ્ધાંતો અને કલ્પનાઓની પરખ સમયની કસોટીના એરણ પર થતી હોય છે. દુઃખના હોય કે સુખના. અનુભવો આખરે અનુભવો છે. અનુભવો નો કોઈ વિકલ્પ નથી. પર્યાય નથી. અનુભવ એક એવું ટાંકણું છે જે એક પથ્થરને ઘડીને મૂર્તિનો આકાર આપે છે. અનુભવ જીવન ઘડતરનું શિક્ષણ છે. જે માણસની જ્ઞાન સીમાને સમજણની હદને વિસ્તૃત કરે છે.

વ્યક્તિ નાની ઉંમરનો હોય ત્યારે માતાપિતાના સુરક્ષાચક્રમાં જીવતો હોય છે, વિકસતો હોય છે. જેથી અનુભવ ગ્રહણથી તે વંચિત રહે છે. મોટો થાય ત્યારે આગ્રહ દુરાગ્રહ અને પૂર્વગ્રહના કારણે અનુભવો મેળવવાથી વંચિત રહી જાય છે. જાત અનુભવ ન થાય ત્યાં સુધી માણસના મનમાં અન્ય પ્રત્યેની ગેર સમજણો અને ગેર માન્યતાઓ ગ્રસ્ત થઈ જાય છે. એટલે સામેવાળી વ્યક્તિને અલગ નજરથી જુએ છે. માણસો પ્રત્યેના તેના વિચારો, વ્યવહારો અને વર્તન અલગ પ્રકારનું હોય છે. જે અનુભવને કારણે બદલાઈ શકે છે. મૈત્રી, પ્રેમ અને લગનથી લઈને સંતાનોના જન્મ, ઉછેર અને પરિવારજનોના મૃત્યુ સુધી જીવનની અઢળક ઘટનાઓથી મળતા અનુભવો એક નવી દિશા આપે છે.

અનુભવો બે પ્રકારે મળે છે. સ્વજાતને મળતા અને અન્યના જીવનને નજીકથી જાણી, સાંભળી કે માણીને આપણે ગ્રહણ કરતા અનુભવો. જાતને મળેલ અનુભવો આત્માની સોંસરા ઉતરી જાય છે જ્યારે અન્ય પરના અનુભવો ઉપલકિયા જ્ઞાન જેવા હોય છે. જે માથા પરથી સોંસરા નીસરી જાય છે. જ્યારે જાતને મળેલા અનુભવો મન, હૃદયને પણ આરપાર થઈ અમીટ છાપ છોડી જાય છે. જે જિંદગીભર સ્મૃતિમય રહે છે. એની સમજ જો ગ્રહણ કરીએ તો ઉત્કૃષ્ટ જ્ઞાન આપી જાય છે. જાત અનુભવ વિના ભાત થતી નથી. કોઈની કથની સાંભળી એ તો સમજણ મળે, જાણવા મળે પણ અનુભવનો સચોટ અને અક્સીર ગુણ જાત અનુભવ થકી જ મળે છે.

કોઈને ગોળી વાગે તેનાથી આપણને અરેરાટી થાય. પણ, એનો ઘા વાગવાથી જે પીડા, યાતના, દર્દ થાય તે તો જાત અનુભવથી જ મળે એ દેખીતી વાત છે. ઘણી એવી બાબતો એવી હોય છે જાતે અનુભવ્યા વિના માત્ર વિચાર કરવાથી સચોટ પણે સમજ નથી પડતી. આ તો આપ મુઆ વિના સ્વર્ગ ન જવાય એવી વાત છે. અનુભવોની તીવ્રતા વર્ષો જેમ વીતે તેમ તેમ તેજ થાય છે, ધારદાર થાય છે. એનાથી પુખ્તતા મળે છે તો કેટલાક અનુભવો વર્ષો વિતતા પાઠ ગ્રહણની અસરકારતા ગુમાવી બેસે છે. એટલે જાતને મળેલ અનુભવ પાઠશાળાની ગરજ સારે છે. અનુભવના અભ્યાસથી જ માણસ ઘડાય છે.

– જય જ્ઞાતિમૈયા

# મિત્ર સંહિતા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પરમાત્મા આપણને આ અવનિ પર અવતરણ કરાવે છે ત્યારે જન્મના સાથે જ કેટલાંક સંબંધો બનાવી દે છે. જે આપણી નિયતિ છે પણ પડોશી અને મિત્ર એવા સંબંધો છે જેને બનાવવા કે બગાડવાએ આપણા હાથમાં છે. નાનપણથી મિત્રો બને છે. જે વધતા જાય છે અને કેટલા મિત્રના સંબંધ પાછળ છૂટતા જાય છે. પણ એટલું ખરું છે કે મિત્ર સાથેનો સંબંધ ક્યારે ભૂલાતો નથી. મિત્રએ સીડી જેવો છે. જેના સંગાથથી આપણે ઊંચે ચડીએ છીએ તો કુસંગત મિત્રના કારણે ગર્તાની ઊંડી ખાઈમાં પણ ગબડી શકીએ છીએ. એટલે જ તો કહેવાયું છે કે સોબત તેવી અસર.

આપણો એક મિત્ર કૃષ્ણ જેવો જરૂર હોવા જોઈએ જે આપણી સાથે યુધ્ધમાં ભલે ન જોડાય પણ સાચું માર્ગદર્શન આપી મદદગાર જરૂર થાય. બીજો મિત્ર કર્ણ જેવો હોવો જોઈએ. જેને ખબર હતી કે તેના મિત્ર દુર્યોધનએ ખોટો માર્ગ પકડ્યો છે તે છતાં તેની સાથે છેલ્લે સુધી રહ્યો અને મિત્રતા નિભાવી. આપણા જીવનમાં એક આત્મીય મિત્ર હોવો જ જોઈએ એ આપણી ભાવનાઓ સમજે, આપણી વિચારધારાને સમજે અને સ્વીકારે. સાચો મિત્ર અને આત્મીય મિત્ર બન્નેનું પોતાનું અલગ અને અહમ મહત્વ છે. જેને કદી અળગું રાખી શકાય નહીં. આપણા જીવનમાં અમુક સંબંધો એવા હોય છે કે જે આપણને સંપૂર્ણ બનાવી દે છે. ક્યારેક ખાસ મિત્ર રૂપે તો ક્યારે આત્મીય મિત્ર તરીકે આપણને સુધારે છે, સંભાળે છે અને સંવારે છે.

સંતુલિત મિત્રતા માટે મિત્રમાં પાંચ ખાસિયત હોવી જોઈએ. ભરોસો જે બન્નેના સંબંધોનો પાયો છે. બધા સંબંધોની શરૂઆતનો પાયો ભરોસા ઉપર ટકેલો હોય છે. ખાસ મિત્ર એ છે જેની સાથે દિલ ખોલીને વાત કરી શકીએ. આપણી નબળી બાજુઓને સમજી જાણી શકે. જ્યારે આત્મીય મિત્ર બોલ્યા વિના આપણું મન વાંચી લે. બન્નેમાં એક તફાવત છે. એક સાંભળે છે જ્યારે બીજો સમજે છે. જીવનમાં જ્યારે મુશ્કેલીનો સમય આવે ત્યારે ખાસ મિત્ર ખડખડાટ હસીને મસ્તી કરીને માહોલ હળવું કરે છે. જ્યારે  બીજો આત્મીય મિત્ર અંદરની તાકાત બની આપણને હિંમત આપે છે. આમ પોતપોતાની રીતે સપોર્ટ સિસ્ટમ બને છે.

લાગણીનો જોડાણ બંન્ને સાથે હોય છે પણ અલગ પ્રકારનું. ખાસ મિત્ર આપણું સામાજિક અને ભાવનાત્મક લાગણીનું સંતુલન બનાવી રાખે છે. જ્યારે આત્મીય મિત્ર આપણી દર્દને મહસૂસ કરીને અંદરની તાકાતને બહાર કાઢવા મદદ રૂપ થાય છે. ચોથી વાત જોઈએ તો ખાસ મિત્ર ખામીઓ સાથે આપણને સ્વીકારે છે આપણે જેવા હોઈએ તેવા તોય દોસ્તી ધર્મ નિભાવે છે. જ્યારે આત્મીય મિત્ર આપણી ભૂલો સુધારવા, દૂર કરવા તનતોડથી જહેમત કરે છે. આપણા વ્યક્તિત્વને નિખારવા, યોગ્ય બનાવવા સતત પ્રયાસ કરે છે. છેલ્લી અને આખરી વાત કે કોઈને સાચા મિત્ર બનવા માટે મહિનાઓ કે વર્ષો નીકળી જાય છે. એક બીજાને સમજવા માટે વખત વીતી જાય. પછી જ ખાસ મિત્ર સાથે નાતો ગાઢ બને છે. જ્યારે આત્મીય મિત્ર સાથેનો સંબંધ કોઈ લાંબો સફર, જેવો નહીં પણ દરેક પળે પળ અહેસાસ કરાવે છે. એને મળવાથી એમ જ લાગે છે કે સંબંધ પહેલેથી બનેલો જ હતો પણ ગાઢ અને આત્મીય હર ક્ષણે થતો જાય છે એવું મહસૂસ થયા કરે છે. મિત્રતાનો સંબંધ લોહી સાથેનો નહીં પણ લાગણી સાથેનો હોય છે.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા


**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# સંજીવની કેસ નં.૨૧૦ ની જરૂરિયાત રૂા.૧.૬૫ લાખ જમા થઈ જતા ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




કચ્છ જખૌ હાલે ધમતરીના ૭૮ વર્ષીય ખુશાલ પ્રેમજી શિયાલને તીવ્ર અને ક્રોનિક સબડ્યુરલ હેમેટોમાની તકલીફને લીધે ઈમરજન્સીમાં હોસ્પિટલમાં દાખલ થયા. ડોક્ટરોએ બાયટેરલ બુર હોલ ડ્રેનેજનું તાત્કાલિક ઓપરેશન કરી મગજ પરનું દબાણ ઓછું કરવાની સલાહ આપી. જેને માટેનો અંદાજિત ખર્ચ રૂા.૧.૬૫ લાખ હોવાનું જણાયું.

દર્દી પુત્ર, પુત્રવધૂ અને પૌત્રની સાથે રહે છે. પત્નીનું ઘણા વર્ષો પહેલાં અવસાન થયું છે. તેઓ ન્યૂઝ પેપરનું વેંચાણ કરે છે. જ્યારે પુત્ર પેટ્રોલ પમ્પ પર સર્વીસ કરી લઘુતમ વેતન મેળવે છે. માંડ માંડ ગુજરાન ચલાવતા પરિવારનું કોઈ મેડિક્લેમ નથી કે નથી કોઈ બચત.

આ પરિસ્થિતિમાં પરિવાર મોભીના સારવાર કરાવી તેમને જલદી સ્વસ્થ કરવા માટેનો મોટા ખર્ચનો ભાર આવી પડ્યો. જેના ઉગારો થાય એ માટે શિયાલ પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી જેનો કેસ નં.૨૧૦ તરીકે નોંધ થઈ.

સદર અરજીનો અભ્યાસ કર્યા બાદ જરૂરી રકમ રૂા.૧.૬૫ લાખ જમા કરવા ક્રાઉડ ફંડિંગ ખૂલ્લુ મુક્યું. ખુશી સાથે જણાવવાનું કે નામ માત્ર સમયગાળામાં જ ક્રાઉડ ફંડિંગ દ્વારા જરૂરી રકમ પૂર્ણ થઈ જતાં ક્રાઉડ ફંડિંગ અટકાવી દેવાયું.

કેસ નં.૨૧૦ ને વહારે આવી જ્ઞાતિના ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ પરિવાર, મહાજન, એકમ, મંડળ, સંખ્યા, ટ્રસ્ટોએ માનવતાલક્ષી ભાવ રાખીને શિયાલ પરિવારની સમયસર મદદ કરી વડીલ દર્દી સારવાર મેળવી જલદી સ્વઘરે પરત કરે એ માટે જે ઉદારતા દયા અને જ્ઞાતિ ભાવના દર્શાવી છે. જે માટે સૌની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ મેડિકલ સમિતિના આ ઉમદા સેવાકાર્ય માટે પ્રત્યેકનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

# અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ માણેકજી મોતા એ દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિને જૈન દીક્ષા મહોત્સવનું રૂબરૂ આમંત્રણ આપ્યું

અધ્યાત્મ પરિવાર દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬ના મુંબઈમાં યોજાનારા દીક્ષા મહોત્સવનું આમંત્રણ ઉપરાષ્ટ્રપતિ આદરણીય શ્રી સી.પી.રાધાકૃષ્ણજીને દિલ્હીમાં રૂબરૂ મળી અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ માણેકજી મોતા એ આપ્યું. આ અવસરે તેમની સાથે પરેશ કાનુગો અને મહારાષ્ટ્ર રાજ્યના મંત્રી મંગલપ્રભાત લોઢા હતા. મિતભાષી અને સહૃદય સ્વભાવી ઉપરાષ્ટ્રપતિ આમંત્રણનું સહર્ષ સ્વીકારી દીક્ષા મહોત્સવમાં જરૂર પધારશે એ વચન આપ્યું હતું.



# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના સંયુક્ત ઉપક્રમે અનંત ખેલોત્સવ ૨૦૨૬નું આયોજન

તા.૧૫ ફેબ્રુઆરી રવિવારના DSPM's ડૉ.યુ.પ્રભાકર રાવ સ્પોર્ટસ એકેડમી મિલાપ નગર ડોંબિવલી પૂર્વ સ્થળે શ્રી કચ્છ દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીના સંયુક્ત ઉપક્રમે અનંત ખેલોત્સવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેની અંતર્ગત ક્રિકેટ ટીમમાં સિલેક્શન માટેની સુવર્ણ તક છે.

જે ખેલાડીઓ ટીમ સિલેક્શનમાં સ્થાન પામી શક્યા નથી અને જેઓ બાકી રહી ગયા છે અને અનંત ખેલોત્સવ ૨૦૨૬ દરમ્યાન પોતાનું ટેલેન્ટ બતાવવા ઈચ્છુક છે. તેમજ જેમને ઓવર આર્મ ક્રિકેટ રમવામાં રસ છે. તેઓ એ પોતાનું નામ ધવલ હીરાચંદ પોલડીયા-૮૬૯૨૮૮૭૭૭૩ પાસે નોંધાવી દેવું. એન્ટ્રી ફી પ્રતિ ખેલાડી રૂા.૬૦૦ થી Gpay દ્વારા મંડળને પેમેન્ટ કરીને જ નામ રજીસ્ટર માન્ય ગણાશે.

ખેલાડીની પસંદગી ફર્સ્ટ કમ ફર્સ્ટ સર્વ ધોરણે થશે. માત્ર ૧૨ ખેલાડીઓને જ લેવામાં આવશે.

વધુ વિગત માહિતી અનંત ખેલોત્સવ ૨૦૨૬ સ્પોર્ટસ કમિટીનો સંપર્ક કરવો. ધવલ હીરાચંદ પોલડિયા (ડુમરા)-૮૬૯૨૮૮૭૭૭૩, પરેશ મોતીચંદ ખોના (નલિયા)-૯૮૨૦૯૪૦૪૮૬, ધીરેન વાલજી વાંકુ-૮૮૭૯૧૫૫૦૫૧, અમિત જેઠાલાલ ખોના-૯૩૨૧૭૦૫૫૧૧.

# માટુંગા મધ્યે કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ

તા.૭ ડિસેમ્બર રવિવાર સવારે ૧૦ થી બપોરે ૪ દરમ્યાન ૨૩ એ મધ મહેલ ગ્રાઉન્ડ ફ્લોર, કિંગ્ઝ સર્કલ માટુંગા મધ્યે રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકા રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર પોતાની સેવા પ્રદાન કરશે. કમ્પનો લાભ લેનાર ઈચ્છએ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી. રજિસ્ટ્રેશન માટે સંપ શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩.

# 🌸🙏 નિમંત્રણ પત્ર 🙏🌸

**શ્રી રાપર ગઢ-નાની સિંઘોડી સંઘ આયોજીત**
**શ્રી ગોડીયા પાર્શ્વનાથ જીનાલયનો ૧૩૪ મો ધ્વજારોહણ મહોત્સવ**

જય જિનેન્દ્ર 🙏

અમે આનંદપૂર્વક જણાવીએ છીએ કે,
આ વર્ષે રાપર ગઢ-નાની સિંઘોડી નગરે યોજનારા
નુતન જીનાલયનો 3જી ધ્વજા મહોત્સવ નો પાવન લાભ
રાપર ગઢ-નાની સિંઘોડી નીયાણી બહેનો ને પ્રાપ્ત થયો છે
જે અમારે માટે ગૌરવ અને પુણ્યનો અવસર છે.
તો સ્થાનિક,મુંબઈ તેમ જ સંપુર્ણ ભારત ભરમાં વસતા
ગામવાસીઓ ને પધારવા ભાવભર્યું હેત નિતરતું આમંત્રણ છે.
આ મોંઘેરા ધાર્મિક લાભ ને ઉત્સાહપૂર્વક અને આનંદપૂર્વક માણવા જરૂરથી પધારશો.

પ્રથમ દિવસ-મહાસુદ પુનમ તા.૧.૨.૨૦૨૬ રવિવાર, સમય: ૧.૩૦ થી. અઢાર અભિષેક
રાત્રિ ભાવના (પ્રભુ ભક્તિ ) સમય: ૮.૩૦ થી.૧૧.૦૦ વાગ્યા સુધી

દ્વિતિય દિવસ-મહાવદ એકમ તા.૨.૨.૨૦૨૬ સોમવાર સમય: સવાર ના ૯.૦૦ વાગ્યા થી

આકાશની ઊંચાઇયો આંબતો મન નો મોરલો ટહુકા કરશે
એવું ઉછળતા ભાવ સાથે આનંદ અને ઉલ્લાસ સાથે ધ્વજારોહણ.
મહોત્સવને વધુ ભવ્ય અને શ્રદ્ધાસભર બનાવવા આપ સૌના સાથ સહકાર અને આગમનની પ્રતિક્ષામાં
આપની અને આપના ગામની નિયાણી બહેનો 🙏

નોંધ : બંને દિવસ નો અઢાર અભિષેક, ધ્વજારોહણ તથા સાધર્મિક ભક્તિ
અને પ્રભુ ભક્તિ (રાત્રિ ભાવના) નો લાભ નિયાણી બહેનોને મળેલ છે

**સાદર આમંત્રણ સાથે,**
**રાપર ગઢ-નાની સિંઘોડી નીયાણી બહેનો તરફથી** 🌷

**સંપર્ક:**

ભાવિની ડાઘા: 9594811891
મનીષા લોડાયા: 9967372173
ધનશ્રી મોમાયા: 99207 46011
નયના છેડા: 83694 73716
સ્નેહલ ધરમશી: 7738265123

# પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૨૯મા વર્ષમાં પ્રવેશ



વિક્રમ સંવત ૨૦૫૪ના માગસર સુદ ૫ તિથિ દિને કચ્છ જખૌના માવિત્ર ગીતાબેન લલિતભાઈ ધરમશીના ધર્મભક્તિ ગુણ સંસ્કારમાં રંગાયેલા પુત્રી આત્મકલ્યાણના માર્ગે જવાના દ્રઢ નિશ્ચય સાથે ૭૨ જિનાલય સ્થળે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ. સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. સ્વીકાર સંયમ જીવન પથ પર વિચરણ પ્રારંભ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં આજે વિક્રમ સંયમ ૨૦૮૨ ના માગસર સુદ ૫ તિથિ દિને સાહેબજી સંયમ જીવન કાળના ૨૮ વર્ષ પૂર્ણ કરી ૨૯મા વર્ષમાં સુખરૂપ પ્રવેશ કર્યો છે. આ મંગલ અવસરે સર્વે ગુરૂભક્તોની શુભ ભાવના સાથે શુભકામના છે કે સાહેબજી અવિરત આગળ વધતા રહી સંયમ જીવનના ૩ દાયકાથી પણ આગળ સુવર્ણ, હીરક, અમૃત વર્ષ ઓળંગી સર્વોચ્ચ શતક વર્ષના શિખરે બિરાજે, શત શત અભિનંદન અને વંદન.

# પ.પૂ.સાધ્વીશ્રી મૌન ગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૭ વર્ષ પરિપૂર્ણ કર્યા



ગામ જસાપરના માવિત્ર માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ત્રિકમજી ધરમશીના ધર્મ સંસ્કારથી રંગાયેલા પુત્રી વિક્રમ સંવત ૨૦૩૫ના માગસર સુદી ૧૧ તિથિ દિને મુલુંડ નગરે ગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની દીક્ષા બની નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી મૌનગુણાશ્રીજી મ.સા. સાથે સંયમ જીવનપથ પર વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં સાજે વિક્રમ સંવત ૨૦૮૨ના માગસર સુદ ૧૧ તિથિના સાહેબજી સંયમ જીવનના ૪૭ વર્ષ પૂર્ણ કરી ૪૮ મા વર્ષમાં સુખશાતાથી પ્રવેશ કર્યો છે. પુનિત દિને ગુરૂ ભક્તોની શુભ ભાવના કે સાહેબજી આજ પ્રકારે સંયમ જીવન પથ પર અવિરત આગળ વધતાં સુવર્ણ, હીરક, અમૃત વર્ષથી પણ આગળ વધી શતક વર્ષની સિધ્ધિ શિખરે બિરાજે, શુભકામના સહ શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા.
# સંયમ જીવનના ૨૭ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ ગામ વારાપધ્ધરના માવિત્ર માતુશ્રી ઝમકુબાઈ દેવશી પાસુ ગોસરના ધર્મ ભક્તિમાં લીન રહેતા સુપુત્રી વિક્રમ સંવત ૨૦૫૫ના માગસર સુદ ૧૧ તિથિ દિને ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈનું નૂતન નામ પ.પૂ. સાધ્વીશ્રી હિતદર્શાશ્રીજી મ.સા.નામ ધારણ કર્યું.

આજે વિક્રમ સંવત ૨૦૮૨ના માગસર સુદી ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબજી તપ ધર્મ ભક્તિ આરાધના કરતાં કરાવતાં સંયમ જીવનના રજત વર્ષથી આગળ અધિક બે વર્ષ મળી ૨૭ વર્ષ પૂર્ણ કરી ૨૮મા વર્ષમાં વર્ષ મંગલ પ્રવેશ કર્યો છે. આ સપરમાં દિને ગુરૂ ભક્તોની શુભેચ્છા સાથે શુભ કામના છે કે સાહેબજી સંયમ જીવન પથ વિચરણના ત્રણ દાયકા પૂર્ણ કરી આગળ સુવર્ણ, હીરક, અમૃત વર્ષથી ઉપર સર્વોચ્ચ ટોચ એવા શતક વર્ષના શિખરે બિરાજમાન થાય. શત શત વંદના સાહેબજીને.

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.
# સંયમ જીવનના ૪૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૩૫ ના માગસર સુદ ૧૧ તિથિ દિને કચ્છ ગામ લાલાના માવિત્ર માતુશ્રી માનબાઈ દામજી મૈશેરીના ધર્મ ગુણ સંસ્કારી પુત્રી સંયમ જીવનના પથ સ્વીકાર ભાવથી મુલુંડ નગર મધે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણ સાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. સ્વીકારી તપ જીવન પથ પર પ્રવાસ પ્રારંભ કર્યો.

આજે વિક્રમ સંવત ૨૦૮૨ માગસર સુદી ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમ જીવન પથના ૪૭ વર્ષ સુખરૂપે પૂર્ણ કરી ૪૮મા વર્ષમાં મંગલદાયી પ્રવેશ કર્યો છે. આ શુકનવંત દિને ગુરૂ ભક્તોની ભાવના છે કે પૂજ્ય સાહેબજી તપ, ધમ૪, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં સુવર્ણ વર્ષ, હીરક વર્ષ, અમૃત વર્ષથી આગળ સર્વોચ્ચ શિખર શતક વર્ષની ટોચે બિરાજમાન થાય. શત શત વંદના સાથે આજના સપરમા દિનની શુભકામના.

# પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૨૮મા વર્ષમાં પ્રવેશ

વિક્રમ સંવત ૨૦૫૫ના માગસર સુદ ૧૧ તિથિના રોજે નલિયા નગરના માવિત્ર માતુશ્રી વિજયાબેન ઝવેરચંદભાઈ લાપસીયાના ધર્મભાવ ભક્તિથી રંગાયેલા પુત્રી ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી અનંતકીર્તિશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. ધારણ કરી આત્મમોક્ષના માર્ગે આગળ વધતા થયા.

ધર્મ, તપ, ત્યાગ, ભક્તિ અને આરાધના કરતાં કરાવતાં આજે પૂજ્ય સાહેબ સંયમ જીવનના ૨૭ વર્ષ પૂર્ણ કરી ૨૮મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ શુભદિને ગુરૂભક્તોની શુભકામના છે કે સાહેબજી આવા જ પ્રકારે ધર્મ ભક્તિમાં લીન રહી આગળ વધતા ૩ દાયકાની સિધ્ધિ પામી સુવર્ણ, હીરક, અમૃત વર્ષથી પણ આગળ આગળ સર્વોચ્ચ સિધ્ધિ શિખર એવા શતક વર્ષની ટોચે બિરાજમાન થાય. આજના શુભ દિને શુભકામના સાથે શત શત વંદના.



# પ.પૂ.સાધ્વીશ્રી જિનઆજ્ઞાશુંશ્રીજી મ.સા. સંયમ જીવનનું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યું



માવિત્ર દિપાલીબેન રવિન્દ્રભાઈ લોડાયાના ગુણ સંસ્કારી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૮૧ના ચાલીસગામ નગરે પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી જિનઆજ્ઞાશુંશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથનો પ્રવાસ પ્રારંભ કર્યો. આજે વિક્રમ સંવત ૨૦૮૨ના સાહેબજી સંયમ જીવનનો પ્રથમ વર્ષ પૂર્ણ કરી ૨ જા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂભક્તો ભાવના સાથે શુભકામના વ્યક્ત કરે છે કે સાહેબજી આજ રીતે આગળ વધતા દાયકો, પૂરો કરી રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ આગળ શતક વર્ષ પૂર્ણ કરે એ શુભેચ્છા સાથે સાહેબજીને શત શત વંદના.

# પ.પૂ.મુનિરાજ શ્રી ગોયમોદયસાગરજી મ.સા. સંયમ જીવનના સાતમા વર્ષમાં પ્રવેશ કર્યો

સુથરી ગામના માવિત્ર દિનાબેન નરીશ લોડાયાના ધર્માનુરાગી પુત્ર વિક્રમ સંવત ૨૦૭૬ ના માગસર સુદ ૧૨ તિથિ દિને સુથરી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.મુનિરાજશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય તરીકે નૂતન નામ પ.પૂ.મુનિરાજ શ્રી ગોયમોદયસાગરજી મ.સા.નામ ધારણ કરી આત્મ કલ્યાણના મોક્ષ માર્ગ પરનું વિચરણ શરૂ કર્યું. આજ કાલ કરતાં ધર્મ, જ્ઞાન, તપ, ત્યાગ, ભક્તિ, આરાધના કરતાં કરાવતાં પૂજ્ય સાહેબજી સંયમ જીવનના ૭ વર્ષ સુખશાતા સાથે પૂર્ણ કરી આજે વિક્રમ સંવત ૨૦૮૨ના માગસર સુદી ૧૨ના દિને ૭ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સૌ ગુરૂ ભક્તો ભાવના અને કામના છે કે સાહેબજી સંયમ જીવન પથ પર આગળ વધતા રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી આગળ સર્વોચ્ચ શિખર એવા શતક વર્ષના ઉચ્ચ શૃંગ પર બિરાજે શત શત વંદના.



# પ.પૂ.ગણિવર્ય રાજ રત્નસાગરજી મ.સા. સંયમ જીવનના સુવર્ણ વર્ષ પરિપૂર્ણ કર્યા

વિક્રમ સંવત ૨૦૩૨ ના માગસર માસની ૧૨ તિથિ દિને રાપરગઢવાલી ગામના માવિત્ર માતુશ્રી મણિબેન મુરજી કેશવજી લોડાયાના ગુણ સંસ્કારની સાથો સાથ ધર્મ ભક્તિના રાગમાં લીન થયેલ સુપુત્ર દેવપુર નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ પ.પૂ.આ.ભ.શ્રીવીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય થઈ નૂતન નામ પ.પૂ.ગણિવર્ય શ્રીરાજ રત્નસાગરજી મ.સા. સ્વીકારી સંયમ જીવનના પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.



ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ, વ્યાખ્યાન અને આરાધના કરતાં કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ ના માગસર માસ શુક્લ પક્ષ બારસ તિથિ દિને પૂજ્ય સાહેબ રજત વર્ષ પાર કરી. આજે સિધ્ધિ શિખર એવા સુવર્ણ વર્ષ એટલે પચાસ વર્ષ પૂર્ણ કરી અજય અને અભ્યુદય એવા એકાવન વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે આ પુનિતકારી શુભ ભાવ પ્રસંગે ગુરૂભક્તોની કામના છે કે પૂજ્ય સાહેબજી આજ પ્રકારે અવિરત આગળ વધતાં રહી સંયમ જીવનના હીરક, અમૃત વર્ષ પૂર્ણ કરતાં આગળ શતક વર્ષ પૂર્ણ કરવાની સિધ્ધિ પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના. પ્રાર્થના સાથે શત શત શુભકામના સહ શત શત વંદના.




# દાદર ટર્મિનસથી પ્રવાસ કરતાં કચ્છીઓ જોગ સૂચના

કચ્છ માટે સયાજી નગરી એક્સપ્રેસ દાદર ટર્મિનસથી ઉપડે છે. જેમાં પ્રવાસીઓ જોગ ખાસ સૂચનો છે કે દાદર ટર્મિનસના પ્લેટફોર્મ નં.૬ અને ૭ પર જવા તિલક બ્રીજથી ટર્મિનસ રેમ્પ જવા માટે વન વે કરાયેલ છે. કારથી જતાં પ્રવાસીઓ વળતાં તિલક બ્રીજ નીચેથી થઈ સર્વિસ રોડથી માટુંગા રોડ થઈ ધારાવી અથવા માહિમ થઈ બહાર નીકળવું પડશે. કાર લઈને ટર્મિનસથી તિલક બ્રીજ દ્વારા બહાર નીકળશો તો આરટીઓ રૂા.૧૫૦૦ ફાઈન વસૂલશે. દાદર ટર્મિનસથી ફૂટ ઓવર ફ્લાય બ્રીદ દ્વારા ચાલીને તિલક બ્રીજ, દાદર ઈસ્ટ-વેસ્ટ ખંભે તરફ બહાર નીકળ્યા શકો છો. દાદર ટર્મિનસના પ્લેટફોર્મ નં.૬ અને ૭ માટે ઈલેક્ટ્રિકલ કારની સુવિધા ચાલુ થઈ છે. ઈલેક્ટ્રિક કાર માટે ડ્રાઈવર મંગેશ-૮૫૯૧૨૦૭૮૪૮, સુરેન્દ્ર-૮૯૨૨૮૨૨૮૦૩નો સંપર્ક કરવો. વ્યક્તિ દીઠ ચાર્જ રૂા.૫૦ છે.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

KDO

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# Anumodana

## Sanjivani Case - 208

**Name:Mr. Paras Padamshi Nagda** **Age : 48 Yrs.** **Village: Jakhau - Dombivli**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 50,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree KDO Jain Sangh, Pune (H: KDO Jain Sangh Committee Members | 6,000.00 |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shree KDO Mandal, Dombivli | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,61,000.00 |
| Shri Shantilal Khimji Nagda (H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 1,001.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shrimati Darshana Bharat Dagha, Bangalore | 1,000.00 |
| Shri Viren Nagda | 501.00 |
| Shri Rohit Jivraj Poladia, Bayath - Badgara | 500.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,
## ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને
## પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે
## માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**
**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**
આપ તેમના પ્રત્યેની
અનુમોદના,
આદરભાવ
તેમજ તેમના
સાથેના સંસ્મરણો
લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ભલારા દાદા સ્થાનક, કુવાપધર શ્રી ભલારા દાદા દેવસ્થાનનું ૨૮ મુ ધ્વજારોહણ મહોત્સવ-કુવાપધર મધ્યે. લાભાર્થી સૌ. દિવ્યાબેન હરીશ પદમશી ખીમજી મોતા પરિવાર. કુવાપધર/હૈદરાબાદ. |
| ૦૬/૦૭ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ-ડોમ્બિવલી આયોજિત સિનિયર સિટીઝન માટે બસ દ્વારા નાશિક-દેવલાલી-વણી-ધર્મ ચક્ર તીર્થ યાત્રા પ્રવાસ |
| ૦૭ ડિસેમ્બર ૨૦૨૫ | મોટી ખાવડી જૈન સંઘ આયોજિત પદ પ્રદાન મહોત્સવ. પૂ. સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા.ને પ્રવર્તિની પદ તથા પૂ. સાધ્વી શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.ને સંઘસ્થવિરા પદ પ્રદાન. |
| ૨૦ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ આયોજિત કેડીઓ તરંગ ૨.૦ સ્ટેચ્યુ ઓફ યુનીટી, ગુજરાત. |
| ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | નલિયા-ખોના ફળિયામાં બિરાજમાન ખોના ગોત્રના શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રીજી પીર ને નમતા નલિયા, જખૌ, સાંયરા, મંજલ રેલડિયા તથા ગોએરસમા ગામના ભાવિકોની પહેડી. સવારના ૮:૩૦ કલાકે, હોરીઝોન હૉલ, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ) |
| ૮ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજિત અઠ્ઠાવીસ તપ આરાધના ભદ્રેશ્વર તીર્થ. |
| ૧૦/૧૧ જાન્યુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલીના પરિસરમાં રહેતા સભ્યો માટે માથેરાન પ્રવાસ બપોરના ૨.૦૦ ક. ટ્રેનથી શુભ પ્રસ્થાન |


## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી વડાલા સંઘમાં શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવનાની રમઝટ જમાવી



તા.૨૫ નવેમ્બર મંગળવારના રોજે શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના શ્રી સંભવનાથ જિનાલય અને શ્રી ચંદ્રપ્રભ સ્વામી ગૃહ જિનાલયની ૩૯મી વર્ષગાંઠ ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવના દ્વિતીય દિવસે અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના રાખવામાં આવેલ. શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપએ ધર્મભાવ સાથે ભવ્ય રીતે રમઝટ જમાવી દિવ્ય માહોલ બનાવી દીધો હતો.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**શશીકાંતભાઈ જીવાણી**
તા.૨૫ નવેમ્બર (ઉ.૬૯)
જખૌ-મુલુંડ



**પ્રવીણભાઈ પીર**
તા.૨૭ નવેમ્બર (ઉ.૭૨)
બાયઠ-ભાંડુપ



**યોગેશભાઈ ગંગર**
તા.૨૫ નવેમ્બર (ઉ.૪૭)
.......



**ગીતાબેન દંડ**
તા.૨૩ નવેમ્બર (ઉ.૪૪)
વરાડીયા-મલકાપુર



**હિતેશભાઈ લોડાયા**
તા.૨૭ નવેમ્બર (ઉ.૫૦)
રવા-ઘાટકોપર



**ધનલક્ષ્મીબેન ખોના**
તા.૨૮ નવેમ્બર (ઉ.૮૩)
જખૌ-ડોંબિવલી



**વિમલાબેન લોડાયા**
તા.૨૯ નવેમ્બર (ઉ.૮૧)
સાંયરા-ઘાટકોપર



**માલતીબેન મૈશેરી**
તા.૨૪ નવેમ્બર (ઉ.૬૬)
વારાપધર-જલગામ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

### – સં. રાજન ચંદે 'ધૂની'

● રાજ્યમાં પશુપાલન ક્ષેત્ર અને પશુ સારવાર સેવાને વધુ સુદ્રઢ બનાવવા માટે ગુજરાતના સૌથી મોટા કચ્છ ભુજ ખાતેના વડામથકે નવા પશુચિકિત્સક ભવન અને પશુપાલન મહાવિદ્યાલય સ્થાપવા માટે રાજ્ય પશુપાલન ખાતા અને કામધેનુ યુર્નિવર્સિટી ગાંધી નગર વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરવામાં આવ્યા. ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલ અને પશુપાલન વિભાગના સચિવ સંદીપ કુમારની ઉપસ્થિતિમાં પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુની ઠાકર અને કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.ડી.પી.ટાંક દ્વારા આ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સમજુતી કરારનો મુખ્ય ઉદ્દેશ ભુજ ખાતે પશુપાલન ખાતાના માલિકી હેઠળની ૩૮ એકર અને ૨૩ ગુંઠા જમીન કામધેનુ યુનિવર્સિટી હસ્તક સોંપવાનો છે. આ વિદ્યાલયને વહેલી તકે કાર્યરત કરવા માટે કામધેનુ યુનિવર્સિટી દ્વારા ૩૮ જેટલા સ્ટાફની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે.

● મૂળ માંડવી તાલુકાના મેરાઉ ગામના તથા ૧૯૮૩થી સંગીત શિક્ષક તરીકે ગઢશીશાને કર્મભૂમિ બનાવનારા પ્રજ્ઞાચક્ષુ શિક્ષક નારાણભાઈ તેજશી મહેશ્વરીએ ગઢશીશા તથા આસપાસના પંથકના ૧૧૦૦થી વધુ છાત્રોને સંગીત જ્ઞાન આપ્યું છે તથા હજુ પણ નિ:શુલ્ક સંગીત શિક્ષણ આપવા ઉત્સુક છે. નાનપણમાં શીતળાના વાયરસથી પોતાના બંને ચક્ષુ ગુમાવનારા નારાણભાઈ એ અક્ષરજ્ઞાન ન મેળવવાના અફસોસ કર્યા વગર હિમત હાર્યા વિના સંગીત ક્ષેત્રે વિવિધ પરીક્ષાઓ આપી વિશારદ કર્યું તથા પ્રાથમિક શાળામાં સંગીત શિક્ષક તરીકે નોકરી મેળવી ૧૯૮૩થી ૨૦૧૮ સુધીમાં ૧૧૦૦ થી વધુ છાત્રોને સંગીત જ્ઞાન આપી પરીક્ષાઓ પાસ કરાવી હતી.

● તબીબી ક્ષેત્રનો અભ્યાસ કર્યા બાદ સીધી ભરતીની પરીક્ષામાં સફળતા મેળવી મૂળ બનાસકાંઠાની અને ગાંધીધામની રહેવાસી રઘુવંશી સમાજની ડૉ.દીપાલી કાનાબાર આર્મીમાં કેપ્ટન તરીકે પસંદગી પામી છે. તેણીએ ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ આદિપુરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહનો અભ્યાસ સરદાર વલ્લભાઈ પટેલ શાળા ખાતે કર્યો હતો અને ધારપુર મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. તે બાદ સ્ત્રીરોગ નિષ્ણાત ક્ષેત્રમાં જવાની તૈયારી કરી હતી. પરંતુ બાદમાં એમ.એસ.નો અભ્યાસ પૂર્ણ કર્યો. સેનામાં ફરજ બજાવતાં યુવાન સાથે લગ્ન થયાં. પતિની પ્રેરણાથી સેનામાં જવાની ખેવના પ્રબળ બની અને પ્રથમ પ્રયાસે તેણીએ સફળતા મેળવી અને કેપ્ટન તરીકેની નિમણૂકનો પત્ર દિલ્હીથી આવ્યો અને ગ્વાલીયર ખાતે પોસ્ટિંગ આપવામાં આવ્યું.

● પૂર્વ આફ્રિકાની સૌથી મીઠાની ઉત્પાદક કંપની કે સોલ્ટના માલિક કચ્છી પટેલ એવા કે.કે.વરસાણી પરિવાર દ્વારા મલિંડી નજીકના મરેરેની ગામે ધનબાઈ કે.કે.પટેલ આધુનિક મેટરનિટી હોસ્પિટલનું ખાત મુહૂર્ત એસજીવીપી અધ્યક્ષ માધવ પ્રિયદાસજી સ્વામી તથા બાલકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે કરાયું. આ જંગલ વિસ્તારના નાના ગામડાઓમાં સાત હજારથી વધારે લોકો વસે છે. અહીં આરોગ્ય સેવાનો મોટો અભાવ છે. અગાઉ વર્ષ ૧૯૮૮માં કે.કે.વરસાણી પરિવાર દ્વારા પુત્રી સપનાના નામથી મેટરનિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ વધતી જન સંખ્યાને આરોગ્યની નવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા હવે વધુ વિશાળ અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ મેટરનિટી હોસ્પિટલ નિર્માણ કરવાનો સંકલ્પ લેવાયો છે. આ પરિવાર દ્વારા ૨૫૦૦ વિદ્યાર્થીઓ માટે વિશાળ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા નિર્માણ કરાઈ છે. ભવિષ્યમાં વધુ ત્રણ નવી શાળાઓ ઊભી કરવાનો પરિવારનો સંકલ્પ છે. વરસાણી પરિવારના લોક કલ્યાણકારી કાર્યોમાં ભુજ ખાતે કે.કે.હોસ્પિટલનું નિર્માણ, કેન્યામાં દસ લાખથી વધુ વૃક્ષારોપણ અને આફ્રિકામાં સૌથી મોટું સોલાર યુનિટ જેવા લોક સેવા પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

STAMP FRANKING
Now Available

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
GOLD LOAN
SOLAR LOAN
TRADE LOAN
LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)
*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank